# પ્રજ્ઞા

# હેન્ડ હોલ્ડીંગ પર્સન તાલીમ






શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન
સેક્ટર-૧૭, ગાંધીનગર

## પ્રેરણા

**શ્રી મુકેશ કુમાર (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસએસએ,
અને કમિશનર પ્રા. શિક્ષણ અને મ. ભોજન
ગુજરાત

**શ્રી એ. એમ. શર્મા (GAS)**
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન,
ગુજરાત

## માર્ગદર્શન

**શ્રી દિનેશભાઈ દેસાઈ**
કન્વીનર
ક્વોલીટી એન્હાન્સમેન્ટ સેલ,
સર્વ શિક્ષા અભિયાન,
ગુજરાત

**શ્રી જે. એલ. દાસા**
ઓઆઈસી-ટીટી
સર્વ શિક્ષા અભિયાન,
ગુજરાત

**શ્રી હરેશભાઈ ચૌધરી**
અભ્યાસક્રમ કો-ઓર્ડીનેટર,
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

## સંકલન

**શ્રી પિયુષભાઈ સુથાર**
પેડાગોજી કો-ઓર્ડીનેટર,
ક્યૂઈસેલ, એસએસએ.

**શ્રી પ્રકાશભાઈ સુથાર**
પેડાગોજી કો-ઓર્ડીનેટર,
ક્યૂઈસેલ, એસએસએ.

## લેખન (સ્ટેટ કોર ટીમ)

કેતનભાઈ ડી. વ્યાસ
ડૉ. ભીખુભાઈ વેગડા
ભાવેશભાઈ પંડ્યા
રાકેશભાઈ પટેલ
નીતાબેન ઉપાધ્યાય
હરજીભાઈ પ્રજાપતિ
જયેશભાઈ એન. પટેલ
સુચિતભાઈ પ્રજાપતિ
રાજેશભાઈ પટેલ
સંજયભાઈ પંડ્યા
અશોકભાઈ પરમાર
રાધાબેન યાદવ
રેવાભાઈ પ્રજાપતિ
હિતેશભાઈ નાયક
નિલેશભાઈ અપારનાથી
રાકેશભાઈ પરમાર
નિલેશભાઈ નાથાણી
મેહુલભાઈ સુથાર
યોગેશભાઈ મહેતા
રાકેશભાઈ પટેલ
રણછોડજી જાડેજા
કાશીનાથ જાદવ
નરેશભાઈ જોષી
પરેશભાઈ ચૌહાણ
અલ્કેશભાઈ છાયા

કાશીચંદ્ર પરમાર
પરેશભાઈ દલસાણિયા
દિનેશભાઈ પ્રજાપતિ
ચંદ્રકાન્તભાઈ પરમાર
જસ્મીનભાઈ જાની
મહાસુખભાઈ બારૈયા
મહેશભાઈ માદલિયા
કેતનભાઈ દિક્ષિત
જોષી નીરૂકુમાર
હસમુખભાઈ પરમાર
દેવદાસભાઈ અગ્રાવત
જેનીશભાઈ સાપરિયા
ભરતભાઈ તાવિયાડ
ભાવિનભાઈ જોષી
શૈલેષભાઈ માહલા
નિયાતઅલી સૈયદ
ભાવેશભાઈ કાછિયા
હર્ષદભાઈ શ્રીમાળી
રાજેશભાઈ આચાર્ય
ઉર્વીબેન ભટ્ટ
વણભાઈ સુથાર
મિનેશભાઈ પંચાલ
રાજેશભાઈ નાયક
અશોકભાઈ ખૂંટ
મુકેશભાઈ શર્મા

રોહિત હરિયાણી
મેહુલભાઈ સુથાર
હર્ષવર્ધનસિંહ જાડેજા
યોગેન્દ્રસિંહ રાઠોડ
પંચાલ નિપાબેન
સહદેવસિંહ પરમાર
નામદેવભાઈ રાઉત
જીજ્ઞાષાબેન ભંડારી
હિતેન્દ્રભાઈ પરમાર
સતીષભાઈ દરજી
ભારતભાઈ પટેલ
ભરતભાઈ પરમાર
રેવાભાઈ રાઠોડ
વિમલભાઈ નકુમ
અમિતભાઈ ગામીત
યાકુબભાઈ ગામીત
હિંમતભાઈ માલવિયા
મુકેશભાઈ પટેલ
રાજેશભાઈ પરમાર
હરદેવ રાણા
રમેશભાઈ પટેલ
પરમાર સહદેવ
હિતેન્દ્રભાઈ રાઠોડ
કિરણભાઈ સોલંકી
શ્વેતાબેન પટેલ

**પ્રસ્તાવના :**

જૂન-2010થી શરૂ થયેલ પ્રજ્ઞા અભિગમ, આગામી જૂન-2013થી રાજ્યની 7,500 ઉપરાંત શાળાઓમાં વિસ્તરી રહ્યો છે. સાથો-સાથ 'RTE-2009'નું વાસ્તવિક અમલીકરણ પણ થવા જઈ રહ્યું છે ત્યારે, પ્રજ્ઞા અભિગમ 'RTE-2009'ના યથાર્થ પ્રતિબિંબ સાથે સર્વવ્યાપક અને સર્વ સ્વીકૃત બની રહ્યો છે.

સમગ્ર દેશમાં પ્રજ્ઞા અભિગમ - ABL (Activiti base learning)ના અસરકારક મોડેલ તરીકે લેખાઈ રહ્યો છે. આ અભિગમ આધારે બાળકને વ્યક્તિગત શિક્ષણ, વિષય શિક્ષક સાથેનું શિક્ષણ અને ગતિ આધારિત શિક્ષણ મળી રહ્યું છે. તે અત્યંત મહત્ત્વની બાબત બની રહી છે.

આ તાલીમ સામગ્રી Hand Holding Person (HHP) માટેના તાલીમાર્થીઓ માટે આપવામાં આવેલ છે. પ્રજ્ઞા અભિગમમાં વર્ગશિક્ષકની સજ્જતા સાથે તેમના માર્ગદર્શકની સજ્જતા વધુ હોય તે અનિવાર્ય બાબત છે. અહીં વર્ગખંડમાં કાર્યરત શિક્ષક, બાળક તથા તેમને ક્લાસરૂમ મેનેજમેન્ટ અને પ્રોસેસમાં કેવી રીતે મદદ કરી શકાય તેવા વિષયોની બાબતો મૂકાઈ છે.

આશા છે, હેન્ડહોલ્ડિંગમાં કાર્યરત સી.આર.સી., બી.આર.પી. અને બી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ, ડાયટ લેક્ચરર અને કેળવણી નિરીક્ષકશ્રીઓ તાલીમ સામગ્રીના માધ્યમથી વધુ અસરકારક રીતે પ્રજ્ઞા વર્ગખંડમાં પ્રસ્તુત થઈ શકશે.

**મુકેશ કુમાર (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસએસએ. અને
કમિશનર પ્રા. શિક્ષણ અને મ.ભોજન

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન નંબર |
|---|---|---|
| 1. | પ્રજ્ઞા અભિગમ | 4 |
| 2. | પ્રજ્ઞા શિક્ષણ વ્યવહાર | 8 |
| 3. | પ્રજ્ઞા વર્ગ ભૌતિક પર્યાવરણ | 11 |
| 4. | પ્રજ્ઞા વર્ગ શૈક્ષણિક વાતાવરણ | 14 |
| 5. | પ્રજ્ઞા વર્ગ વહીવટી માર્ગદર્શન | 18 |
| 6. | અસરકારક પ્રજ્ઞા વર્ગખંડ મુલાકાત | 21 |
| 7. | કોમ્યુનિટી મોબીલાઈઝેશન | 24 |
| 8. | લેડર રચના | 27 |
| 9. | પ્રજ્ઞા શિક્ષકની અપેક્ષાઓ | 34 |
| 10. | સક્સેસ સ્ટોરી | 38 |
| 11. | મોટીવેશન | 42 |
| 12. | SCE અને પ્રજ્ઞા | 45 |



પી.પી.ટી.


જૂથ કાર્ય


જૂથ ચર્ચા


સાહિત્યનિદર્શન


લેખન


વીડીયો ક્લીપીંગ


રમત


વાંચન


પ્રવૃત્તિ


સમય

# હેન્ડહોલ્ડિંગ પર્સન માટેની તાલીમનું સમયપત્રક

| ક્રમ | સમય | દિવસ - 1 | દિવસ - 2 |
|---|---|---|---|
| 1. | 8.30 થી 10.00 | પ્રજ્ઞા અભિગમ | સક્સેસ સ્ટોરી |
| 2. | 10.00 થી 11.30 | પ્રજ્ઞા : શિક્ષણ વ્યવહાર | મોટિવેશન-પ્રજ્ઞા શિક્ષકની અપેક્ષાઓ |
| | 11.30 થી 11.45 | —————— ટી - બ્રેક | —————— |
| 3. | 11.45 થી 1.15 | પ્રજ્ઞા વર્ગ ભૌતિક પર્યા/શૈ.વાતાવરણ | પ્રજ્ઞા વહીવટી માર્ગદર્શન - કોમ્પ્યુ. મોબી. |
| | 1.15 થી 2.30 | —————— લંચ બ્રેક | —————— |
| 4. | 2.30 થી 3.45 | અસરકારક વર્ગખંડ મુલાકાત | જીજ્ઞાષા સમાધાન |
| | 3.45 થી 4.00 | —————— ટી - બ્રેક | —————— |
| 5. | 4.00 થી 5.30 | લેડર રચના | વહીવટી કાર્ય |
| 6. | 8.00 થી 9.00 | SCE અને પ્રજ્ઞા/અવલોકન અને ઉકેલ | |

# 1. પ્રજ્ઞા અભિગમ

વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ આપણું ધ્યેય છે. વર્ગ શિક્ષણમાં વિવિધ અભિગમોનો શિક્ષક ઉપયોગ કરે છે. જે નીચે મુજબ હોઈ શકે.

- **શિક્ષક કેન્દ્રી**
- **બાળકેન્દ્રી**
- **વર્ગખંડ કેન્દ્રી**
- **પાઠ્યપુસ્તક કેન્દ્રી**

## ✦ વિચારો અને લખો :



| શિક્ષકકેન્દ્રી શિક્ષણ | બાળકેન્દ્રી શિક્ષણ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

આપણે જાણીએ છીએ કે બાળકોને સતત પ્રવૃત્તિમાં રહેવું ગમે છે. આ પ્રવૃત્તિને એ રીતે કરાવી શકાય કે તેની મદદથી વિદ્યાર્થી ચોક્કસ વિગતો વિશે જાણે, સમજે કે ચોક્કસ પ્રકારની સમજ તરફ આગળ વધે.

શીખનાર માણસની... શીખવા તરફના લગાવને રસપ્રદ કરી નવું જાણવા તરફ તેને આગળ વધારવાથી શીખવા-શીખવવાની પ્રક્રિયા અસરકારક બને છે.

## ✦ 'હા' કે 'ના'માં જવાબ લખો.



- દરેકનો શીખવાનો સમય સરખો હોય છે ?
- પ્રવૃત્તિમાં બાળકની પસંદગીને પ્રાધાન્ય છે ?
- બધા બાળકો બધી વાત એક સમયે શીખે છે ?

- શીખવતી વખતે નિયમિત મૂલ્યાંકન થઈ શકે છે ? ☐
- બધા જ બાળકો એક પદ્ધતિથી શીખે છે ? ☐
- શીખવાની સાથે ઉપચાર કાર્ય શક્ય છે ? ☐

આ વિગતોને આધારે સમજી શકાય કે આપણે એવા અભિગમની જરૂરી છે જેમાં...

- વિદ્યાર્થી પોતાની જાતે શીખે.
- વિદ્યાર્થી શિક્ષણ પ્રક્રિયાને સહપાઠી શિક્ષણની તક મળે છે.
- વિદ્યાર્થી પ્રવૃત્તિ દ્વારા શીખે.
- વિદ્યાર્થી પોતાની ઝડપે શીખે.
- વિદ્યાર્થી કેન્દ્રી પ્રક્રિયા અમલી બને.
- વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય.
- વિદ્યાર્થી પોતાની જાતે શીખવાના પ્રયત્નો કરે છે.


આપણા ઉપરોક્ત સવાલો અને ચોક્કસ અભિગમને આધારે વિદ્યાર્થીઓ પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી શિક્ષણ મેળવે તેવો આપણા સૌનો પ્રયત્ન રહ્યો છે. 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન' પ્રાપ્ત કરવાનો અભિગમ એટલે પ્રજ્ઞા. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સાથે પ્રવૃત્તિ દ્વારા શીખવાનો અભિગમ એટલે પ્રજ્ઞા. આ અભિગમને શીખવા માટેના વિવિધ જૂથમાં વિભાજીત કરી શીખવવામાં આવે છે.

### ✦ જૂથ શિક્ષણ :



પ્રજ્ઞા અભિગમમાં વિદ્યાર્થીઓના સ્તરના પ્રમાણે છ જૂથ બનાવવામાં આવ્યાં છે. જેમાં સામાન્ય રીતે વર્ગમાં શિક્ષક બાળકોને તેમની પોતાની ઝડપે શીખવે છે.

| **પ્રજ્ઞા અભિગમ** | **વર્તમાન શિક્ષણ પ્રક્રિયા** |
|---|---|
| પ્રવૃત્તિ દ્વારા શીખે છે. | |
| | |
| | |
| | શિક્ષકની ઝડપે બાળકો શીખે છે. |
| | |
| | |
| | |




### ✦ પ્રજ્ઞા વર્ગની સાથે સાથે...

- અલગ પ્રકારની વર્ગવ્યવસ્થા છે.
- વર્ગખંડ વ્યવસ્થાપન પણ બાળકેન્દ્રી છે.
- ટી.એલ.એમ. સામગ્રીનો બાળકો દ્વારા ઉપયોગ થાય છે.
- પ્રત્યેક વિદ્યાર્થીનું દૈનિક મૂલ્યાંકન કરી શકાય છે.
- એક્સિલેટર લર્નિંગની અહીં પ્રક્રિયા જોવા મળે છે.
- વિદ્યાર્થી વિદ્યાર્થીના સહયોગથી શીખતાં શીખે છે.
- વિવિધ સ્તરના બાળકોને એક સાથે શીખવી શકાય છે.

## ✦ આપને શું નવું લાગ્યું ?



## ✦ પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનનો હેતુ :

- પ્રત્યેક બાળક ગુણવત્તાલક્ષી શિક્ષણ મેળવે.
- બાળકોની સિદ્ધિનું મૂલ્યાંકન-ઉપચારકાર્ય થઈ શકે.
- MGML (મલ્ટીગ્રેડ મલ્ટીલેવલ) સામગ્રીનું નિર્માણ થાય તેનો ઉપયોગ કરે.
- દરેકને વિવિધ સ્તરે શીખવાની સમાન તક મળે.
- સ્વમૂલ્યાંકનને આધારે યોગ્ય ફેરફાર જાતે કરે.
- બાળકની પ્રગતિથી શિક્ષક... આચાર્ય... વાલી માહિતગાર રહે.
- બાળકને શીખવા-શીખવવામાં રસ પેદા થાય.

●

# 2. પ્રજ્ઞા : શિક્ષણ વ્યવહાર

**પ્રસ્તાવના :**

વિદ્યાર્થીઓ સાથે શિક્ષણકાર્ય કરતી વખતે શિક્ષકનો શિક્ષણ વ્યવહાર અગત્યનું પરિબળ છે. વર્ગખંડમાં શિક્ષક પક્ષે શીખવવાની બાબતોનો તાર્કિક ક્રમ યોગ્ય રીતે ગોઠવાય તો શિક્ષણ વ્યવહાર આપોઆપ સુચારૂ રીતે ચાલે છે. અહીં શિક્ષણ વ્યવહાર એક એકમના ઉદાહરણ દ્વારા મૂકવામાં આવેલ છે.

પ્રવૃત્તિમય, વિદ્યાર્થીકેન્દ્રી અને ક્ષમતાકેન્દ્રી અભિગમને ધ્યાનમાં લઈ એક એકમની રજૂઆત નીચે મુજબ થઈ શકે.

ધોરણ - 4

વિષય - ગુજરાતી

એકમ - પંચતંત્રની વાર્તાઓ

**સોપાન - 1 :** શિક્ષક દ્વારા એકમનું આદર્શવાચન અને રજૂઆત.

**સોપાન - 2 :** વિદ્યાર્થીઓ દ્વારા એકમનું આરોહ-અવરોહયુક્ત મુખવાચન કરાવવું.

**સોપાન - 3 :** વિદ્યાર્થીઓની બે-બેની જોડ બનાવી એક વિદ્યાર્થી બીજાને શ્રુતલેખન કરાવે.

**સોપાન - 4 :** શિક્ષક દ્વારા બોર્ડ પર લખવામાં આવેલ પ્રશ્નોના જવાબ બાળકો એકબીજાની મદદથી મૌખિક ઉત્તરો આપે.

**સોપાન - 5 :** પ્રવૃત્તિ -

(A) કાર્ડ પેપર બનાવેલા સમાનાર્થી શબ્દોની જોડ બાળકો બનાવે.

(B) કાર્ડ પેપર પર બનાવેલા વિરૂદ્ધાર્થી શબ્દોની જોડ બાળકો બનાવે.

**સોપાન - 6 :** પ્રાણીઓના મહોરાં પહેરી શિક્ષકે તૈયાર કરેલા સંવાદ બાળકો રજૂ કરે.

**સોપાન - 7 :** શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રશ્નોના જવાબ બાળકો નોટબુકમાં લખશે.

**સોપાન - 8 :** શિક્ષક કોઈપણ એક 'ઝાડ' અથવા 'પ્રાણી' વિશે પાંચ વાક્યો જાતે લખવા બાળકોને કહેશે.

**સોપાન - 9 :** શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલ આ એકમનો યુનિટ ટેસ્ટ લેવામાં આવશે.

તમે માનો છો કે આ રીતે શિક્ષણ કાર્ય થવું જોઈએ ? આ 9 સોપાનના તમે 9 કાર્ડ્સ બનાવો. 'પ્રજ્ઞા અભિગમમાં કાર્ડ રચના' આવી રીતે થયેલ છે. તેને આધારે માઈલસ્ટોનની રચના થઈ છે.

**પ્રશ્ન 1 :** સોપાન 1 થી 9ને શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યમાં વર્ગીકરણ કરો.



---

---

**પ્રશ્ન 2 :** સોપાન 3 અને 4નું શું મહત્ત્વ છે ?

**પ્રશ્ન 3 :** સોપાન 8 શા માટે જરૂરી છે ?

**પ્રશ્ન 4 :** આ એક એકમ શીખવા માટે વિદ્યાર્થી અધ્યયનના કયા-કયા તબક્કામાંથી પસાર થયો ?

## પ્રજ્ઞા અભિગમમાં...

- પ્રવૃત્તિલક્ષી અને વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણકાર્ય થાય છે.
- શીખવાનો એક જ મુદ્દો વિવિધ પદ્ધતિઓથી શીખવા મળે છે.
- એક જ મુદ્દો શીખવા માટે વિદ્યાર્થીઓને અધ્યયનના વિવિધ તબક્કામાંથી પસાર કરવામાં આવે છે. જેમ કે - નવી સંકલ્પના શિક્ષક દ્વારા શીખવી, પ્રવૃત્તિઓ કરવી, મટિરીયલ્સથી શીખવું, સહપાઠી શિક્ષણનું જરૂરિયાત મુજબ કાર્ય કરવું, દૃઢિકરણ કરવું, સ્વઅધ્યયન અને મૂલ્યાંકન થવું વગેરે.
- શીખવા શીખવવાના ક્રમિક કૌશલ્યો જેવા કે - શ્રવણ, કથન, વાંચન અને લેખનનો ક્રમ જળવાય છે.
- શ્રવણ-વાચન અર્થગ્રહણ, સમજ, ઉપયોજન, સર્જનાત્મકતા વગેરે જુદી-જુદી બાબતોનો સમાવેશ થાય છે.
- દરેક માઈલસ્ટોનના અંતે મૂલ્યાંકન અને ઉપચારાત્મક કાર્ય થાય છે. (SCE)
- બાળ મનોવિજ્ઞાન મુજબના સોપાન છે જેથી પ્રજ્ઞા અભિગમ child friendly છે.
- 'Learning how to learn' તથા વિદ્યાર્થી જ્ઞાનનો સર્જક છે, ઉપભોગતા નહિ. તેવી RTEની મહત્ત્વની બાબતને પોષણ મળે છે.

**ધોરણ 1 થી 4ના કોઈ વિષયના કોઈ એક એકમને શીખવવા માટે તેના 8 થી 10 સોપાન તૈયાર કરો.**



# 3. 'પ્રજ્ઞા' વર્ગખંડનું ભૌતિક પર્યાવરણ



**પ્રજ્ઞા વર્ગખંડમાં મહત્ત્વની ભૌતિક વ્યવસ્થા અંગેની બાબતોને આધારે નીચેના પ્રશ્નોની ચર્ચા કરીશું.**

- પ્રજ્ઞા વર્ગખંડમાં કુલ કેટલા જૂથમાં બાળકો બેસે છે ?



______________________________

______________________________

______________________________

- ગુજરાતી-પર્યાવરણના વર્ગખંડમાં કુલ કેટલા ઘોડા હોય છે ?

______________________________

______________________________

______________________________

- પ્રજ્ઞા વર્ગખંડમાં બાળકોની બેઠક વ્યવસ્થા કયા શેપ (આકાર)માં હોય તો શૈક્ષણિક કાર્ય અસરકારક નીવડે ?

______________________________

______________________________

______________________________

- બાળકોની પ્રવૃત્તિઓ ડિસ્પ્લે કરવામાં કઈ-કઈ બાબતોને ધ્યાનમાં રાખવી ?

______________________________

______________________________

______________________________

- પોર્ટફોલિયો બાળકોને કઈ રીતે ફાયદાકારક બની શકે ?

______________________________

______________________________

______________________________

- બાળકોના કૌશલ્યના વિકાસમાં પોર્ટફોલિયો કેવી રીતે ઉપયોગી સિદ્ધ થઈ શકે ?

- પ્રગતિમાપન રજિસ્ટરમાં થતી નોંધ યોગ્ય છે ? તે કેવી રીતે ચકાસી શકાય ?

- સ્વ-અધ્યયનપોથીની ચકાસણી શિક્ષક કયા-કયા સિમ્બોલથી કરે છે ?

- ગુજરાતી, પર્યાવરણ અને ગણિત વિષયમાં કુલ કેટલી છાબડીઓ હોય છે ?

- લેડર ઉપરના રોડની નિશાની શું દર્શાવે છે ?

- SCEની ઉપયોગીતા ટૂંકમાં જણાવો.


- આ ચિત્રને આધારે તમે પ્રજ્ઞા વર્ગની કઈ-કઈ ભૌતિક બાબતોને નિહાળો છો ?





# 4. પ્રજ્ઞા શૈક્ષણિક વાતાવરણ

પ્રજ્ઞા અભિગમ. અનોખો અભિગમ. આ અભિગમમાં શિક્ષક વિદ્યાર્થીની ઝડપે તેને શીખવે છે. એક અનોખા અભિગમથી ચોક્કસ સિદ્ધિ મળી જ રહે છે. પ્રજ્ઞા અભિગમ સાથે જોડાયેલા શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન આપવું જરૂરી થઈ પડે છે. આ માટે શિક્ષકના વર્ગની મુલાકાત લેતા પહેલા વ્યક્તિગત સજ્જતા હોય તે પણ જરૂરી છે. પ્રજ્ઞા શિક્ષકોને જરૂરિયાત પ્રમાણે માર્ગદર્શન આપી શકીએ તે માટે આપણી પાસે આ અંગેની યોગ્ય જાણકારી અને સમજ હોવી જોઈએ. તે દ્વારા HHP તરીકેનું કાર્ય કરવાનું છે.



- પ્રજ્ઞા વર્ગખંડમાં પાથરણાની કેમ જરૂર પડે ?



- પ્રજ્ઞા વર્ગખંડમાં બાળકને જરૂરિયાત મુજબ કઈ સામગ્રી મળી રહેવી જોઈએ ?

- પ્રજ્ઞા વર્ગખંડની બેઠકવ્યવસ્થામાં શું ખાસ જોવા મળે છે ?

- વર્ગમાં 30 બાળકો છે. તેઓ છ છાબડીમાં સરખા ભાગે બેઠા છે. આપ શું તારણ કાઢો છો ?

- એક વિદ્યાર્થી સ્વ-અધ્યયનપોથી લઈને પોતાનું કાર્ય કરે છે. તે કઈ છાબડીમાં હોઈ શકે ? કેમ ?

- સ્વ-અધ્યયનપોથીની ચકાસણી કેવી રીતે કરવી જોઈએ ?

- ઝડપી શીખતા બાળકોને પ્રજ્ઞા વર્ગખંડમાં કઈ રીતે મદદમાં લઈ શકાય ?

- ઝડપી શીખતા બાળકો માટે વિશેષ કઈ પ્રવૃત્તિ કરી શકાય ?

- સપ્તરંગી પ્રવૃત્તિઓનો વિષયવસ્તુ સાથે કેવી રીતે અનુબંધ સાધી શકાય ? ઉદા. આપી સમજાવો.

- ડિસ્પ્લે ઉપર તમામ બાળકોની પ્રવૃત્તિઓને તક મળે છે. કેવી રીતે જાણી શકાય ?

- ધો-1 થી 4ના ગણિતમાં કયા-કયા પ્રકારના સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરી શકાય ?

- સહપાઠી શિક્ષણ અંગે આપ પ્રજ્ઞા અભિગમમાં શું અપેક્ષા રાખશો ?

- કોઈ એક બાળક ટ્રેમાં કાર્ડ લેવા જાય છે. તે કાર્ડ તેને મળતું નથી. તો તે કાર્ડ ક્યાં હોઈ શકે ?

- કોઈ એક બાળક લેડરના આધારે પોતાનું કાર્ડ શોધી શકતો નથી. તમે કેવી રીતે મદદ કરશો ?

# 5. વહીવટી માર્ગદર્શન

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત સંકળાયેલ શાળાઓ માટે વહીવટી માર્ગદર્શન નીચે મુજબ હોઈ શકે.

## ✦ વિષય સમયપત્રક :

- ગુજરાતી-પર્યાવરણના વર્ગમાં શાળા સમય દરમિયાન અડધો સમય ગુજરાતી અને રિશેષ બાદનો અડધો સમય વિષયનું અધ્યયન કાર્ય કરવું.
- આજ રીતે ગણિત-રેઈનબોના વર્ગમાં મોટી રિશેષ પહેલાં ગણિત અને પછી રેઈનબો પ્રવૃત્તિઓ કરાવવી.
- આવશ્યકતા મુજબ વિષયનાં સમયમાં ફેરફારને અવકાશ છે.

## ✦ દૈનિક નોંધપોથી :

પ્રજ્ઞા એ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મેળવવાનો જરૂરીયાત મુજબના જૂથ દ્વારા અભિગમ છે. જેમાં બાળકો માઈલસ્ટોનના કાર્ડનાં માધ્યમથી સ્વનિર્મિત અધ્યયન સામગ્રીનાં નિર્માણ અને ઉપયોગ દ્વારા પોતાની ગતિ-ક્ષમતા અનુસાર શિક્ષણ મેળવતા રહે છે. તેથી તેમા દૈનિક કે વાર્ષિક આયોજન બનાવવું શક્ય નથી. તેથી દૈનિક નોંધપોથી લખવાની રહેતી નથી. સપ્તરંગી પ્રવૃત્તિઓ માટે વાર્ષિક પ્રવૃત્તિ મુજબ પ્લાનર બનાવવું જરૂરી છે.

## ✦ હાજરીપત્રક :

ધોરણ પ્રમાણે હાજરીપત્રક બનાવવું, જેમાં બાળકોના નામ ટુકડી પ્રમાણે ઉપર નીચે લખવા બાળકો વર્ગખંડમાં ટુકડી પ્રમાણે બેસશે. તેઓ જે-તે દિવસે વર્ગ બદલશે ત્યારે હાજરીપત્રક ટુકડી સાથે જે-તે વર્ગમાં જશે.

## ✦ પરીક્ષા :

પ્રજ્ઞા વર્ગમાં દરેક માઈલસ્ટોનમાં વિવિધ તબક્કે બાળકનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ કોઈ બાળકને એક જ વર્ગમાં રોકી શકાતું નથી તથા વર્ગબઢતી માટે પરીક્ષાનો આધાર લેવાનો રહેતો નથી.

## ✦ લિવિંગસર્ટી તેમજ પરિણામ પત્રકો :

- કોઈ વિદ્યાર્થી પ્રજ્ઞાશાળામાંથી બીજી પ્રજ્ઞા ન હોય તેવી શાળામાં વર્ષ દરમિયાન જાય ત્યારે તેમનાં L.C.માં ધો.1માં કે ધો. 2માં (અથવા ધો. 3 કે 4 લાગુ પડતું હોય તે) અભ્યાસ ચાલુ તે રીતે લખવું.
- વિદ્યાર્થી અન્ય શાળામાંથી પ્રજ્ઞાશાળામાં વર્ષ દરમિયાન આવે ત્યારે તેનું માઈલસ્ટોનનાં મૂલ્યાંકનવાળા કાર્ડ દ્વારા મૂલ્યાંકન કરી તેના સ્તર પ્રમાણે જે-તે માઈલસ્ટોનથી તેનો અભ્યાસ શરૂ કરાવવો.

- જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા વર્ષાન્તે સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પત્રકો પૈકીના માત્ર વિભાગ E પત્રક જે વિદ્યાર્થી પ્રોફાઈલ દર્શાવેલ છે તે પત્રક શિક્ષકે અવશ્યપણે તૈયાર કરવું. જેને ક્રમશઃ આગળના વર્ષોમાં ઉપયોગમાં લેવાનું રહેશે.
- વિદ્યાર્થી વર્ષ દરમિયાન કે વર્ષાન્તે શાળા છોડી અન્ય શાળામાં જાય તો L.C. સાથે નીચે મુજબનાં નમૂના મુજબ પ્રગતિકાર્ડ આપવું જોઈએ.

શાળાનું નામ : ______________________ ધોરણ : ______________

વિદ્યાર્થીનું નામ : ______________________ જ.ર.ન : ______________

| સિદ્ધ કરેલ MS | | | મેળવેલ ગ્રેડ | નોંધ |
|---|---|---|---|---|
| ગુજરાતી | પર્યાવરણ | ગણિત | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**વર્ગશિક્ષકની સહી :** **આચાર્યની સહી :**

## ✦ પ્રજ્ઞા શિક્ષકની રજા - તાલીમ :

પ્રજ્ઞા શિક્ષક C.L. પર કે લાંબી રજા પર જાય ત્યારે આચાર્ય તે વર્ગ શાળાનાં અન્ય કોઈ શિક્ષકને સોંપશે. પ્રજ્ઞા શિક્ષકે તે શિક્ષકને રજા પર ગયા પહેલાં પ્રજ્ઞા અભિગમની જરૂરી સમજ આપવી. પ્રજ્ઞા બી.આર.પી.ની પણ આ સમયે મદદ લઈ શકાય.

વર્ષ દરમિયાન પ્રજ્ઞાશિક્ષક નિવૃત્ત થાય અથવા ઓવરસેટ અપમાં બદલી થાય તેવા સંજોગોમાં આચાર્યશ્રીએ પ્રજ્ઞા વર્ગ અન્ય શિક્ષકને સોંપવો. તે શિક્ષકને તે પછીની પ્રજ્ઞા માસિક તાલીમમાં મોકલવા.

## ✦ પ્રજ્ઞાશિક્ષક ગ્રાન્ટ :

- પ્રજ્ઞાવર્ગમાં વર્ષ દરમિયાન સપ્તરંગી કાર્ય તેમ જ વિષય અંતર્ગત પ્રવૃત્તિ કરાવવા માટે જરૂરી સામગ્રી વસાવાથી તેમ જ વિદ્યાર્થી પ્રોફાઈલ, પોર્ટફોલિયો તેમ જ TLM બનાવવા માટે દરેક શાળાના પ્રજ્ઞા યુનિટદીઠ ગ્રાન્ટ આપવામાં આવે છે.
- પ્રજ્ઞાવર્ગની શેતરંજી તેમ જ દીવાલ રંગવા માટે શાળા વિકાસ ગ્રાન્ટ વપરાશમાં લેવી.

### ✦ પ્રજ્ઞાશાળામાં ઓરડા કે શિક્ષકોની ઘટ :

પ્રજ્ઞાશાળામાં વર્ગખંડ કે ઓરડા તેમ જ શિક્ષકોની ઘટ હોય ત્યારે એક જ ઓરડામાં ત્રણેય વિષયોના રેકની વ્યવસ્થિત ગોઠવણ કરવી. એક જ શિક્ષક દ્વારા એક જ ઓરડામાં ક્રમાનુસાર ગુજરાતી-પર્યાવરણ તેમ જ ગણિત-રેઈનબો વિષય ચલાવી શકાય છે.

### ✦ પ્રજ્ઞાશાળાઓમાં વિષય-ધોરણ વહેંચણી :

પ્રજ્ઞાશાળામાં વર્ષના પ્રારંભે એક યુનિટમાં બે શિક્ષકો પૈકી એકને ગુજરાતી પર્યાવરણ અને બીજા શિક્ષકને ગણિત રેઈનબો વિષય ફાળવવા. વર્ષ દરમિયાન જેમણે જે વર્ગમાં જે વિષય સાથે શિક્ષણકાર્ય કર્યું છે તેવા શિક્ષકોને વર્ષાન્તે ધોરણ કે વિષય ન બદલાય તે અંગે શક્ય ત્યાં સુધી કાળજી લેવી.

### ✦ પ્રજ્ઞા અભિગમ સાથે એડપ્ટ્સ :

એડપ્ટ્સ કાર્યક્રમ એ શિક્ષકોનાં વલણઘડતરનો હેતુ રહેલો છે. એડપ્ટ્સના વિધાનો પ્રજ્ઞા અભિગમની પ્રત્યેક બાબતો સાથે અનુબંધ ધરાવે છે. અહીં પ્રજ્ઞાવર્ગની વિવિધ બાબતો પર કાર્ય થતાં આપોઆપ એડપ્ટ્સ અંતર્ગતનું કાર્ય પણ થાય છે. તેથી પ્રજ્ઞા શિક્ષકે પણ એડપ્ટ્સ કાર્યક્રમનો અમલ કરવાનો રહેશે.

•

# 6. અસરકારક પ્રજ્ઞા વર્ગખંડ મુલાકાત



અહીં એક પ્રજ્ઞા વર્ગ છે જેમાં,

- જૂથમાં કાર્ય થાય છે.
- પોતાની ગતિથી વિદ્યાર્થીઓ શીખે છે.
- એકબીજાના સહયોગથી શીખે છે.
- રોજેરોજ વિષયવાર પ્રગતિની નોંધ લેવાય છે.
- શિક્ષક બાળકોને સાથે બેસી શીખવે છે.
- દરેકની પ્રવૃત્તિ ડિસ્પ્લે થાય છે.
- જરૂરી સાધનસામગ્રી વર્ગમાંથી જ મળે છે.
- ભાર વિનાનું ભણતર મેળવે છે.

આ તબક્કે આપણે પ્રજ્ઞાવર્ગની મુલાકાતે જઈએ તે વખતે નીચેની બાબતોનો અભ્યાસ કરીએ.

**✦ પ્રજ્ઞાવર્ગમાં...**

- સ્થાનિક પર્યાવરણ મહત્ત્વ ધરાવે છે.
- બાળકો પોતાના કાર્યમાં વ્યસ્ત હોય છે.
- વ્યક્તિગત શિક્ષણ અપાય છે.
- સ્વાધ્યાયપોથી નિયમિત તપાસી ત્વરિત ઉપચારાત્મક કાર્ય થાય છે.
- સર્વાંગી વિકાસને તક મળે છે.
- સ્વ-અધ્યયન કાર્ય, ગૃહકાર્ય વગેરે તપાસીને જરૂરી અનુકાર્ય થાય છે.

## ✦ 'હા' કે 'ના' લખો.



- અભિગમની પૂરતી સમજ મેળવ્યા સિવાય શિક્ષકને માર્ગદર્શન આપવું. ☐
- સૂક્ષ્મ અવલોકન દ્વારા ધીમી ગતિથી વધતા બાળકો માટે શિક્ષક સાથે મળી યોગ્ય મદદ કરવી. ☐
- સપ્તરંગીમાં દરેક વિભાગની પ્રવૃત્તિઓ યોગ્ય રીતે થાય છે કે નહિ, તેની નોંધ લેવી જોઈએ. ☐
- વર્ગમુલાકાત વખતે વર્ગકાર્યમાં ખલેલ પહોંચાડવી. ☐
- લેડર, હેન્ડબુક અને પ્રગતિમાપન પત્રકમાં સાતત્ય જળવાય એ જરૂરી છે. ☐

## ✦ આવું કરીએ :



- પ્રજ્ઞા મુલાકાતપોથી નિભાવીએ. (જેમાં BRC, BRQ, CRC, HM, SMC જિલ્લાના અન્ય અધિકારી)
- વર્ગમાં મોનીટર નહીં પણ મોટિવેટર તરીકે જોઈએ.
- નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિના ફોટોગ્રાફસ યોગ્ય જગ્યાએ (બ્લોક, જિલ્લા ન્યૂઝ લેટર)માં પ્રસિદ્ધ કરીએ.
- ફિલ્ડના અનુઅભવના આધારે તાલીમના એજન્ડા બનાવીએ.
- વાલી સંમેલનમાં કે અન્ય કાર્યક્રમમાં હાજર રહી અભિગમની સમજ, પ્રગતિની ચર્ચા, પોર્ટફોલિયો, પ્રોફાઈલની ચર્ચા કરી શિક્ષકને પ્રોત્સાહિત કરવા.

## ✦ વિચારો... લખો...

| આપ પ્રજ્ઞાવર્ગમાં શું-શું જોવાની અપેક્ષા રાખશો ? | | |
|---|---|---|
| • ________________ | • ________________ | • ________________ |
| • ________________ | • ________________ | • ________________ |
| • ________________ | • ________________ | • ________________ |
| • ________________ | • ________________ | • ________________ |

## ✦ પ્રજ્ઞાવર્ગની મુલાકાત લેનાર નીચેની વિગતોને ચકાસી માર્ગદર્શન આપી શકે.

- હાજરીપત્રક અને ટુકડી...
- સાહિત્યનો ઉપયોગ...
- બેઠક વ્યવસ્થા...

- TLM સામગ્રી, ઉપયોગ...
- ગ્રૃપ રોટેશન...
- પ્રોફાઈલ, પોર્ટફોલિયો, ડિસ્પ્લે બોર્ડ...
- ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામગ્રી...

**‘હા’ કે ‘ના’ લખો.**

- પ્રજ્ઞા ગ્રેડેશન ફોર્મ કે વિદ્યાર્થીઓના પ્રગતિ રિપોર્ટ શિક્ષક પાસે ભરાવી માહિતી એકત્ર કરવી. ☐
- વર્ગ મુલાકાત દરમિયાન જોવા મળેલ પ્રશંસનીય બાબતો તાલીમમાં ચર્ચા કરી જે-તે શિક્ષકને પ્રોત્સાહિત કરવા. ☐
- શિક્ષકની થયેલી ભૂલને બાળકો કે અન્ય વ્યક્તિ સામે સામે ચર્ચા કરવી. ☐
- અન્ય શાળામાં થયેલ સારા કાર્ય-પ્રવૃત્તિ બીજી શાળામાં પ્રેરણારૂપ બને તેવા પ્રયત્ન કરવા. ☐

**વર્ગ મુલાકાત દરમિયાન તમને વર્ગના મહત્તમ બાળકો છાબડી - 1માં વેઇટિંગ પિરિયડમાં જોવા મળે છે. આ સમયે તમે શું કરશો ?**

- વેઈટિંગ પિરિયડના બાળકોને અન્ય પાંચ છાબડીઓમાં થોડા થોડા વહેંચી દેવા. તેમને અન્ય પ્રવૃત્તિ સોંપવી.

______________________________________________

______________________________________________

- બાળકોને છાબડીમાં ફરતા કરવામાં શિક્ષકને મદદરૂપ બની દરેક છાબડીમાં બાળકોને કઈ રીતે મેઈન્ટેન રાખવા તેની સમજ આપવી.

______________________________________________

______________________________________________

- જે-તે પરિસ્થિતિમાં વર્ગનિરીક્ષણ કરી જતા રહેવું.

______________________________________________

______________________________________________

# 7. કોમ્યુનિટી મોબીલાઈઝેશન

કોઈપણ અભિગમની સફળતા માટે કોમ્યુનિટી મોબીલાઈઝેશનનું ખૂબ મહત્ત્વ છે. જો યોગ્ય રીતે અભિગમ સંદર્ભે વાલી અને સમાજને સાચી સમજ આપવામાં આવે તો અનેક પ્રશ્નોનું સમાધાન સરળ રીતે થઈ શકે.

આ પ્રશ્નોના ઉકેલ શું હોઈ શકે ? તે અંગે વર્ગખંડમાં કાર્યરત્ શિક્ષકની આમ સમજ બને તે જરૂરી છે. અહીં આ બાબતો ધ્યાને લેવામાં આવી છે.

## ✦ આપની મૂંઝવણ :



- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________

ઉપરોક્ત મુશ્કેલીઓ કે મુંઝવણ સંદર્ભેવાલી, SMCના હાજર સભ્યોની સાથે ચર્ચા કરી તેઓ આ અભિગમથી પરિચિત થાય - તે વિશે વધુ જાણે તેવા પ્રયત્નો કરવા જરૂરી થઈ પડે છે. આ માટે નીચેના મુદ્દાઓને ધ્યાને લઈ શકાય.

- ભાર વગરનું ભણતર.
- પોતાની ઝડપે શીખવાની પ્રક્રિયા.
- શીખવા માટેનું સાહિત્ય.
- વર્ગ વ્યવસ્થા.


આ ઉપરાંત નીચે જેવી જાણકારી આપણે આપી શકીએ.

## ✦ વર્ગખંડના ભૌતિક પર્યાવરણ વિશે જાણકારી.



## ✦ વાલીઓને પ્રજ્ઞા સાહિત્યનો પરિચય આપવા માટે આપના વિચારો નીચેની બાબતો માટે નોંધો.











- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________

## ✦ કાર્ડ આધારિત બાળકની અધ્યયન પ્રક્રિયા વિશે માર્ગદર્શન :





✦ **પ્રગતિમાપન ચાર્ટ દ્વારા વાલી જાતે જ બાળકની પ્રગતિ જાણે.**




✦ **કોમ્યુનિટી મોબિલાઈઝેશન દ્વારા શાળા વિકાસમાં શું ફાળો મેળવી શકાય ? તે વિશે તમારા મંતવ્યો લખો.**



- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________
- ______________________________

# 8. લેડર રચના

**પ્રવૃત્તિ - 1**



તજજ્ઞ દ્વારા માઈલસ્ટોનની સમગ્ર સામગ્રીનું નિદર્શન

તજજ્ઞ દ્વારા નિદર્શન કરવામાં આવેલ માઈલ સ્ટોનનો અભ્યાસ કરો તથા તેના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

**પ્રશ્નો :**

(1) આ એકમનો મુખ્ય હેતુ કયો હોઈ શકે ?



(2) કયા કાર્ડમાં સંકલ્પનાનું સ્પષ્ટીકરણ થાય છે ?

(3) દૃઢિકરણ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કરવામાં આવી ?

(4) કયા કયા કાર્ડ દરમિયાન જૂથ અધ્યયન કાર્યની શક્યતાઓ જણાઈ ?

(5) શું આ નિદર્શનમાં સ્વ અધ્યયન કાર્ય થાય છે ? કેવી રીતે ?

(6) આ એકમનું મૂલ્યાંકન કરવાની બીજી કઈ કઈ પ્રવૃત્તિઓ હોઈ શકે ?

______________________________

______________________________

______________________________

આપણે ઉપરના નિદર્શનમાં અધ્યયનની પ્રક્રિયા જોઈ જે નીચે મુજબના તાર્કિક ક્રમમાં ગોઠવાઈ છે.

સંકલ્પના
(શિક્ષક સમર્થિત જૂથ)

→

સંકલ્પના સ્પષ્ટીકરણ
(શિક્ષક સમર્થિત જૂથ (1)
આંશિક શિક્ષક સમર્થિત જૂથ (2)

→

દ્દઢિકરણ
(વિદ્યાર્થી સમર્થિત જૂથ (3)
આંશિક વિદ્યાર્થી સમર્થિત જૂથ (4)
સ્વ અધ્યયન (૫)

→

સ્વ અધ્યયન
(સ્વ અધ્યયન (૫)

→

મૂલ્યાંકન
(મૂલ્યાંકન (6)

→

નિદાન
(મૂલ્યાંકન (6)

→

ઉપચાર
((1) થી (૫) જૂથ)

→ સંકલ્પના

અધ્યયન ચક્ર

## પ્રવૃત્તિ - 2

### વિડિયો કલીપ

- તમને બતાવવામાં આવેલ વિડિયો કલીપને ધ્યાનથી જુઓ તથા અધ્યયન અધ્યાપન અને શીખવા શીખવવાની પ્રક્રિયા સંદર્ભે તમારા અવલોકનો/તારણો નોંધો.



______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## પ્રવૃત્તિ - 3

### લેડર રચના

(1) કોઈપણ એકમ શીખવવા માટે કઈ - કઈ પ્રવૃત્તિઓ શિક્ષક દ્વારા કરાવવામાં આવે છે ?



(2) શિક્ષણ કાર્યમાં કઈ કઈ પદ્ધતિ - પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

(3) એકમ શિક્ષક દરમિયાન વિદ્યાર્થી કઈ - કઈ પ્રવૃત્તિઓ કરે છે ?

(4) 11 થી 20 સંખ્યાની / ગુણાકારની / નમગજ શીખવવા / પદાર્થના ગુણધર્મો / શરીરના અંગોનો પરિચય અને ઉપયોગિતાની સંકલ્પના પૈકી ગમે તે એકના સ્પષ્ટીકરણ માટે તમે વિદ્યાર્થીને કયા કયા અધ્યયન અનુભવો આપશો તેની નીચેના કોષ્ટકમાં નોંધ કરો.
(દા.ત. પ્રવૃત્તિ, સાધન સામગ્રી, ગીત-અભિનય, રમત વગેરે)

(5) ઉપરોક્ત અધ્યયન અધ્યાપન માટેની પ્રવૃત્તિઓનું નીચે મુજબ વર્ગીકરણ કરો.



| મૌખિક પ્રવૃત્તિ | સાધનસામગ્રી આધારિત | લેખિત પ્રવૃત્તિ | રમત |
|---|---|---|---|
| | | | |

(6) ઉપરની ચાર વિભાગમાં વહેંચાયેલી પ્રવૃત્તિને નીચે મુજબ વર્ગીકૃત કરો.

| વિદ્યાર્થી જાતે કરે તેવી પ્રવૃત્તિ | વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે થતી પ્રવૃત્તિ | શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે થતી પ્રવૃત્તિ સમજ |
|---|---|---|
| | | |

(7) 11 થી 20 સંખ્યાજ્ઞાનની / ગુણાકાર / નમગજ શીખવવા / ડુગડુગિયાવાળી કાવ્ય / પદાર્થના ગુણધર્મો / શરીરના અંગોનો પરિચય અને ઉપયોગિતા શીખવવા (ગમે તે એકની) માટે તમારે કઈ - કઈ સાધન સામગ્રી જોઈશે ? કયા કયા T.L.M. નિર્માણ કરવા પડશે.

(8) 11 થી 20 સંખ્યાજ્ઞાનની / ગુણાકારની / નમગજ શીખવવા / પદાર્થના ગુણધર્મોના / શરીરના અંગોનો પરિચય અને ઉપયોગિતાના અધ્યયન-અધ્યાપન પછી મૂલ્યાંકન કઈ કઈ રીતે કરી શકાય ?

(9) ઉપરોક્ત પ્રવૃત્તિઓ કયા ક્રમમાં કરાવશો તેની નોંધ કરો. (અધ્યયન - અધ્યાપનની પ્રવૃત્તિ અને મૂલ્યાંકન સાથે)



## પ્રવૃત્તિ - 4



લેડર નિર્માણ


કોઈપણ એક માઈલ સ્ટોન માટે લેડર નિર્માણ કરો.

| કાર્ડ - 1 | કાર્ડ - 2 |
| --- | --- |
| | |
| કાર્ડ - 3 | કાર્ડ - 4 |

| કાર્ડ - 5 | કાર્ડ - 6 |
| --- | --- |
| | |
| કાર્ડ - 7 | કાર્ડ - 8 |

(11) તમે નક્કી કરેલ પ્રવૃત્તિ કાર્ડને ક્રમિક રીતે નીચે મુજબ ગોઠવતા જાય.

| પ્રવૃત્તિ - 1 | સિમ્બોલ | | પ્રવૃત્તિ - 2 | સિમ્બોલ | | પ્રવૃત્તિ - 3 | સિમ્બોલ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |




'પ્રજ્ઞા' અભિગમમાં જેને લેડર કહેવામાં આવે છે. તે ઉપરોક્ત અધ્યયન- અધ્યાપન ચક્રનું સ્વરૂપ છે. કોઈ એક ધોરણ વિષયના બધા જ શૈક્ષણિક મુદ્દાઓને ક્રમિક રીતે કાર્ડ સ્વરૂપે વિકસાવવામાં આવ્યા છે.

# 9. પ્રજ્ઞાશિક્ષકની અપેક્ષાઓ

- એક મુખ્ય શિક્ષક અને શાળાપરિવાર પોતાની શાળાના પ્રજ્ઞાવર્ગખંડને સુસજ્જ કરવા શું-શું કરી શકે ?



- એક મુખ્ય શિક્ષક પોતાની શાળાના પ્રજ્ઞાશિક્ષકને કઈ રીતે મદદરૂપ બની શકે ?

- 'પ્રજ્ઞા અભિગમ'ને સમગ્ર શાળાનો અભિગમ બનાવવા માટે શું કરી શકાય ?

- મારી પ્રજ્ઞાશાળાને શ્રેષ્ઠ પ્રજ્ઞાશાળા બનાવવા માટે હું આટલું તો કરીશ જ...

- પ્રજ્ઞાશાળાના મુખ્યશિક્ષક તરીકે આપ SMC તેમ જ સમુદાયના સભ્યોને પ્રજ્ઞાવર્ગની સફળતા માટે કઈ રીતે જોડશો ?

- SMC તેમ જ વાલી સમુદાયના સભ્યો પ્રજ્ઞાશિક્ષકને કઈ રીતે પ્રોત્સાહિત કરી શકે ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- બાળકોની હાજરી, નિયમિતતા અને શાળા કાર્યક્રમોમાં સહભાગીતામાં SMCનું યોગદાન શું હોઈ શકે?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- પ્રજ્ઞાઅભિગમમાં વાલી પોતાનાં બાળકની પ્રગતિ કઈ-કઈ રીતે ચકાસી શકે ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- પ્રજ્ઞાવર્ગખંડની મુલાકાત વખતે CRC તરીકે કઈ-કઈ ભૌતિક સુવિધાઓ માટે ખાસ તકેદારી રાખશો ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- હેન્ડ હોલ્ડિંગ પર્સન કો.ઓ. તરીકે પ્રજ્ઞાશિક્ષકને વર્ગવ્યવસ્થાપન બાબતે કેવી રીતે મદદરૂપ થઈ શકે ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- T.L.M. પ્રવૃત્તિ, રો-મટિરીયલ્સ વગેરે વસ્તુઓની ઉણપ કે અધુરપ જણાય તો CRC-COની શું મદદ લેશો ?

- માસિક પ્રગતિ અહેવાલના આધારે હેન્ડ હૉલ્ડિંગ પર્સન આગામી સમય માટે કેવા પ્રકારનું આયોજન કરવું જોઈએ ?

- BRC/CRCની માસિક રિવ્યુબેઠકમાં એક હેન્ડ હૌલ્ડિંગ પર્સન તરીકે કઈ-કઈ બાબતોની જાણકારી મેળશે ?

- વર્ષની શરૂઆતમાં પ્રજ્ઞાવર્ગોના ભૌતિક પર્યાવરણના વિકાસ અને પૂર્તતા માટે હેન્ડ હોલ્ડિંગ પર્સન તરીકે કેવું આયોજન કરશો ?

- એક હેન્ડ હોલ્ડિંગ પર્સન તરીકે પ્રજ્ઞાવર્ગમાં બાળકોનાં જૂથરોટેશન યોગ્ય રીતે થાય છે, તે તમે કઈ રીતે ચકાસશો ?

- એક હેન્ડ હોલ્ડિંગ પર્સન તરીકે પ્રજ્ઞાવર્ગની મુલાકાત વખતે પોર્ટફોલિયો અને ડિસ્પ્લેબોર્ડની પ્રવૃત્તિઓના આધારે બાળક-શિક્ષકની કઈ બાબતો નોંધી શકશો ?

- તમારા મતે 'રેઈનબો એક્ટિવિટી'નો અન્ય વિષયો સાથે અનુબંધ.

- પ્રજ્ઞા હેન્ડ હોલ્ડિંગ પર્સન તરીકે માસિક પ્રગતિ અહેવાલના આધારે-આપ પ્રજ્ઞા શિક્ષકોનો કઈ બાબતો પર ધ્યાન દોરશો ? આ માટે તમારું પોતાનું આયોજન શું હોઈ શકે ?

# 10. સક્સેસ સ્ટોરી

ગુજરાત રાજ્યમાં જૂન-2010થી ''પ્રજ્ઞા અભિગમ'' શરૂ થયેલ છે. ક્રમશઃ ફેઝ 1, 2, 3 એમ વિસ્તાર કરતા હાલ 7500 શાળામાં ધોરણ 1 થી 4માં આ મુજબ શિક્ષણ અપાશે. વર્ગખંડમાં કાર્ય કરતાં શિક્ષકોએ છેલ્લા વર્ષોમાં આ અભિગમ દરમિયાન અનેક સફળ કરી શકાય તેવી પ્રયોગાત્મક બાબતોને કરી પ્રજ્ઞા અભિગમને વધુ બહેતર બનાવ્યો છે. હાલમાં કાર્યરત પ્રજ્ઞાશિક્ષકો તથા આગામી વર્ષે કાર્ય કરનાર શિક્ષકો પણ પ્રયોગાત્મક બાબતો દ્વારા વર્ગખંડ કાર્યને અસરકારક બનાવી શકે તે માટે અહીં કેટલીક સક્સેસ સ્ટોરી મૂકવામાં આવેલ છે.

✦ **આવી એક સક્સેસ સ્ટોરી લખો.**



## ✦ પ્રજ્ઞા સક્સેસ સ્ટોરી - 1

જામનગર જિલ્લાની ભાણવડ તાલુકાની શિવા પ્રા. શાળામાં ફેસ 2થી પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ધો. 1-2 અને ત્યારબાદ ધો. 3-4માં શિક્ષણ કાર્ય ચાલે છે અને આ પદ્ધતિથી બાળકો, વાલીઓ અને શાળા પરિવાર ખૂશ હતો.

પરંતુ જૂન-જુલાઈ - 12ના બદલી કેમ્પ દરમિયાન આ શાળામાંથી બદલી કરાવતા શાળામાં શિક્ષકોની ઘટ પડી. ધો. 1 થી 4માં 160 બાળકોની સામે કામ કરતા માત્ર બે જ શિક્ષકો. તેથી શિક્ષકોને પ્રજ્ઞા વર્ગમાં કામગીરી કરવામાં મુશ્કેલી થવા લાગી. તેથી શાળાના આચાર્યથી અને એસ.એમ.સી.ના સભ્યોએ મળી આ સમસ્યા નિવારણ માટે ભાણવાડ તાલુકાના બી.આર.સી. કો-ઓર્ડિનેટર અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રી મદદથી વાલીસંમેલન કરવામાં આવ્યું.

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત વાલી મિટિંગો અગાઉ થયેલી હતી. ગ્રામજનો આ પદ્ધતિથી સારી રીતે વાકેફ હતા, તેથી ઓછા શિક્ષકોને કારણે બાળકોને શું નુકસાન થઈ રહ્યું છે તે આ મિટિંગમાં જણાવવામાં આવ્યું અને તેમના ઉકલે રૂપે ગામમાંથી પી.ટી.સી. થયેલ બે બહેનોને શાળામાં પ્રજ્ઞા વર્ગમાં કામગીરી કરવા માટે નક્કી કરવામાં આવ્યું અને તેમને દર માસે રૂા. 3000 માનદ્ વેતન પણ લોકસહયોગથી ચૂકવવા નક્કી કરવામાં આવ્યું. હવે જુલાઈ - 12થી આજ સુધી આ શાળામાં બંને બહેનો પ્રજ્ઞા વર્ગમાં સુંદર કામગીરી કરી રહેલ છે.

આ બંને બહેનોને તાલીમ આપવાનું કામ બી.આર.સી. કો-ઓ. તથા આચાર્યશ્રી તેમ જ શાળામાં પ્રજ્ઞા વર્ગમાં કામ કરતા બંને શિક્ષિકા બહેનોએ કર્યું.

એક માસમાં આ બંને બહેનો એટલી સુંદર કામગીરી કરતા થયા કે માસિક પ્રજ્ઞા મિટિંગમાં આ બંને બહેનોએ તાલુકાના તમામ શિક્ષકોને અભિગમ સંદર્ભે આપેલ તથા તજજ્ઞ તરીકેની પણ સુંદર કામગીરી કરેલ. પ્રજ્ઞા અભિગમથી આ બંને બહેનો સંપૂર્ણ રીતે વાકેફ છે અને બાળકોને સુંદર રીતે આ અભિગમથી શૈક્ષણિક કામગીરી કરી રહેલ છે.

1. આ સ્ટોરીમાંથી શો સંદેશો મળે છે ? ......................................
2. આવી સમસ્યા નિવારવા તમે શું કરો ? ......................................
3. ઉપરની સ્ટોરીમાં તમે શું કહેવા માંગો છો ? ......................................
4. લોક જાગૃતિ પ્રજ્ઞા અભિગમને કઈ રીતે મદદરૂપ થઈ શકે ? ......................................

## ✦ સક્સેસ સ્ટોરી - 2

રાજકોટની મહર્ષિ દધિચિ પ્રા. શાળામાં મુલાકાતે જવાનું થયું. એક વર્ગમાં ધો - 7ની ઉંમરનો એક બાળક તેની માતા સાથે એક ખૂણામાં કાર્ડ અને તેને આધારે પ્રવૃત્તિ કરતો હતો. એનું નામ ગોપાલ. એ MR બાળક હતો તેથી વર્ગના અન્ય બાળક સાથે વ્યક્તિગત શિક્ષણ કાર્ય કરવું અશક્ય અને પડકારજનક હતું. પરંતુ પ્રજ્ઞા વર્ગમાં તેને પોતાની રીતે પોતાની ગતિથી આગળ વધવાનું શક્ય હતું. મેં જોયું તો ક્યારેક તેના મમ્મી વર્ગની મુલાકાતે આવતા અને શિક્ષક ગોપાલને શીખવે ત્યારે તેના મમ્મી પણ શીખી લેતા અને ઘરે તેને જરૂરી મદદ કરી એ કાર્ડ શીખવતા. ગોપાલના મમ્મી એટલા માટે ખુશ હતા કારણ કે ગોપાલ ધીમે-ધીમે આગળ વધતો હતો. ગોપાલના મમ્મી કહેતા કે આ અભિગમ ગોપાલ માટે અને આવા અન્ય બાળકો માટે આશીર્વાદરૂપ છે.

- ગોપાલ માટે આ અભિગમ કેવી રીતે આશીર્વાદરૂપ બન્યો ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- પ્રજ્ઞા અભિગમ બાબતે ગોપાલના મમ્મીની સમજ.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

- તમામ પ્રકારના વિકલાંગ બાળકો માટે પ્રજ્ઞાઅભિગમ કેવી રીતે મદદરૂપ બની શકે છે.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## ✦ સક્સેસ સ્ટોરી - 3

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ સી.આર.સી.ની માલોસણ પ્રાથમિક શાળામાં ધો - 2માં ભણતો બાળક દેવીપૂજક અશોક કિશનભાઈ ભણવામાં તેજસ્વી છે જ. પ્રજ્ઞા વર્ગ શરૂ થતાં સપ્તરંગીની પ્રવૃત્તિ દરમિયાન તેના શિક્ષકને જાણવા મળ્યું કે આ બાળકને ચિત્રકામમાં ખૂબ જ રસ છે. તેની સર્જનાત્મકતા શિક્ષકે જાણી અને તેને વિકસાવવા માટે જરૂરી તક પૂરી પાડી. એના ચિત્રો વિજાપુર BRC દ્વાર દર માસે પ્રકાશિત થતા ''વિદ્યાકુંજ'' સામયિકમાં મોકલાયા. તેના ચિત્રો આખા તાલુકાના શ્રેષ્ઠ ચિત્રોમાં ગણાયા. અશોક આબેહૂબ ચિત્રો સાહજિક રીતે દોરે છે અને તાલુકાની કક્ષાની સ્પર્ધામાં ધો - 8ના બાળકોની હરોળમાં એના ચિત્રો મૂકવા પડે તેવા સુરેખ ચિત્રો હોય છે. ભણવાની સાથે સાથે ચિત્ર દોરવાની કળા અહિ પ્રગટ થઈ છે. પ્રજ્ઞા અભિગમ દ્વારા બાળકની પ્રતિભા ઓળખી એની કલાની આ નેત્રદીપક નિશાની છે.

## ✦ પ્રવૃત્તિ : (10 મિનિટ)

- તાલીમાર્થીમાંથી 4 વ્યક્તિના જૂથ પાડી એક-એક સક્સેસ સ્ટોરી એકબીજાને કહેશે. (તેમાંથી એકાદ સ્ટોરી વર્ગમાં કહેવી.)

•

# 11. મોટીવેશન

દરેક કામમાં સફળતા પહેલાં સમસ્યા આવે જ છે. સમસ્યા સામે તેના યોગ્ય ઉકેલ માટે મોટીવેશન જરૂરી છે. એક કાર્યશીલ શિક્ષક પણ આવી અનેક નાની-મોટી સમસ્યા અનુભવે છે. આવી સમસ્યાના ઉકેલ આપની પાસેથી મેળવવા ઈચ્છે છે.

આપણે જ્યારે શાળા મુલાકાતે જઈએ છીએ ત્યારે આપણા કામ અને વ્યવસ્થામાં મુખ્ય ત્રણ શબ્દો જોવા, સાંભળવા મળે છે : ઈન્સ્પેક્શન, સુપરવિઝન, મોટીવેશન. આ ત્રણેય શબ્દો વિશે નોંધ કરીએ.

**ઈન્સ્પેક્શન**



**સુપરવિઝન**

**મોટીવેશન**

## ✦ કોણ મોટીવેટ કરી શકે ?

દા.ત.

1. મોટીવેશન આપનાર વ્યક્તિ હંમેશા જેને મોટીવેશન પૂરું પાડે છે તેના કરતાં વધુ જાણકાર હોવો જોઈએ.

2. ______________________________
______________________________

3. ______________________________
______________________________

4. ______________________________
______________________________

## ✦ કેવી પરિસ્થિતિમાં મોટીવેશનની જરૂર છે ?

- ______________________________
______________________________
______________________________
- ______________________________
______________________________
______________________________
- ______________________________
______________________________
______________________________

✦ **નીચેની પરિસ્થિતિમાં શિક્ષકને આપ કેવી રીતે માર્ગદર્શન આપશો. નોંધો.**

- પ્રજ્ઞાવર્ગની મુલાકાત સમયે બે પ્રજ્ઞાશિક્ષક પૈકી એક શિક્ષક રજા પર છે. આપ હાજર શિક્ષકને કેવી રીતે મદદરૂપ થશો ? નોંધો.

- પ્રજ્ઞા શાળાના આચાર્યને પ્રજ્ઞા વર્ગકાર્યમાં રસ લેતા કરવા માટે આપનું મોટીવેશન નોંધો.

# 12. ''SCE અને પ્રજ્ઞા''
## (શાળાકીય સતત સર્વગ્રાહી મૂલ્યાંકન અને પ્રજ્ઞા)

✦ **શાળાકીય સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) વિશે પાંચ-સાત વાક્યો લખો, પત્રકોમાં કઈ વિગતો/માહિતી હોય છે.**

પત્રક - A ____________________



____________________

____________________

પત્રક - B ____________________

____________________

____________________

પત્રક - C ____________________

____________________

____________________

**પ્રવૃત્તિ - 1 : શાળાકીય સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE)ના પત્રકો પરિશિષ્ટ 1, 2, 3માં તેનાં થોડો અભ્યાસ કરી ચર્ચાની પ્રવૃત્તિ કરવા જણાવવું.**



| પરિશિષ્ટ - 1 | પરિશિષ્ટ - 2 | પરિશિષ્ટ - 3 |
|---|---|---|
| પત્રક - A | વ્યક્તિત્વ વિકાસ | સંગ્રહિત માહિતી |

(સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના વિવિધ પત્રકો જોવા માટે જીસીઈઆરટી દ્વારા પ્રકાશિત થયેલ મૂલ્યાંકન અંગેના મોડ્યૂલનો આધાર લેવો.)

**1. SCE પ્રજ્ઞા અભિગમમાં ક્યાં જોવા મળે છે ? કેવી રીતે ?**



____________________

____________________

____________________

____________________

____________________

2. SCEનું પત્રક - B (વ્યક્તિત્વ વિકાસ)ની પૂર્તતા પ્રજ્ઞા અભિગમમાં ક્યાં અને કેવી રીતે જોવા મળે છે ?

3. પત્રક - E (સંગ્રહિત માહિતી)ની વિગતો પ્રજ્ઞા અભિગમ સંદર્ભે શેમાં વણી લેવામાં આવે છે ?

4. પત્રક -Aની બાબતોની અસરકારકતા પ્રજ્ઞા અભિગમમાં કેવી રીતે જોવા મળે છે ? કેવી રીતે તેના સંદર્ભે કાર્ય થાય છે ?

5. પ્રજ્ઞા અભિગમ સંદર્ભે અસરકારક ઉપચારાત્મક કાર્ય બાબતે ચાર-પાંચ વાક્યો નોંધો.

**પ્રવૃત્તિ - 2 : સ્ટુડન્ટ પોર્ટફોલિયો અને પ્રોફાઈલની સંગ્રહિત માહિતી પત્રક સાથે તુલના.**



| સ્ટુડન્ટ પોર્ટફોલિયોમાં કઈ કઈ વિગતો/માહિતી હોય છે. | સંગ્રહિત માહિતી પત્રકમાં કઈ-કઈ માહિતીઓ હોય છે. |
|---|---|
| | |
| | |
| | |
| | |

**પ્રવૃત્તિ - 3 : પ્રગતિ માપન રજિસ્ટારમાં કયા પાંચ વિદ્યાર્થીઓએ સૌથી વધારે માઈલસ્ટોન સિદ્ધ કર્યો છે ? અને કયા પાંચ વિદ્યાર્થીઓ પાછળ છે. જે ચકાસીને જણાવો.**

**6. સ્વઅધ્યયન નોંધપોથીની કઈ બાબતની સરખામણી પ્રગતિમાપન રજિસ્ટરમાં જોશો કે જેથી વિદ્યાર્થીની સાચી પ્રગતિ જાણી શકાય.**



______________________________

______________________________

______________________________

**7. રમેશ નામના વિદ્યાર્થીના પોર્ટફોલિયોમાંથી નીચેની વસ્તુઓ નીકળે છે.**

1. વિદ્યાર્થી પ્રોફાઈલ
2. માટીકામના નમૂના
3. કાગળ કામના નમૂના
4. ચિટકકામના નમૂના
5. મોરનું ચિત્ર
6. સારા લખાણોનું કટિંગ્ઝ તથા જાણવા જેવું
7. ટિકિટોનો સંગ્રહ
8. ક્રિકેટરોના ફોટા
9. કુદરતી દશ્યોના ચિત્રો

તેના દ્વારા જણાવે કે વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ માટે કઈ-કઈ બાબતે જાણી શકાશે ?

1. ______________ 5. ______________
2. ______________ 6. ______________
3. ______________ 7. ______________
4. ______________ 8. ______________

• • •

નોંધ :

# પ્રજ્ઞા ગીત

બનીએ પ્રજ્ઞાવાન
આપણે બનીએ પ્રજ્ઞાવાન
પ્રજ્ઞા દ્વારા આપણા સૌનું
વિકસતું રહે જ્ઞાન.... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

હળીમળીને શીખીએ સૌએ
અસહાય ના કોઈ...
સૌ સંગાથે વધીએ આગળ
એ જ ખરું અનુષ્ઠાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

સોનુ-ચાંદી-રૂપિયા-સત્તા
અઢળક હોય ભલે ને...
જેની પાસે શિક્ષણ સાચું
એ જ ખરાં ધનવાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

જીવન સાર્થક બનતુ એનું
ધ્યેય છે જેની પાસે...
દ્રઢ નિશ્ચયથી વધતાં આગળ
એ જ ખરાં બળવાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

– પ્રકાશ પરમાર


સ્પેસીફીકેશન
સાઈઝ : 8.5 x 11 ઈંચ
કવરપેજ : 210 GSM આર્ટ પેપર
ઈનરપેજ : 80 GSM મેપલીથો
ટુ સેન્ટરપીન

# પ્રજ્ઞા

(પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન)

## નૂતન શૈક્ષણિક અભિગમ





શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે, સૌ આગળ વધે


ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

સર્વ શિક્ષા અભિયાન

સેક્ટર-૧૭, ગાંધીનગર